# ગુણવત્તા, સ્વાસ્થ્ય, સુરક્ષા અને પર્યાવરણીય નીતિ (ક્યુએચએસઇ)

## અમારી દ્રષ્ટિ

વિશ્વવ્યાપી બાયરની મુખ્ય સાઇટ્સમાંની એક તરીકે અમારી સ્થિતિ જાળવી રાખતા, ચીરસ્થાયી, વિકાસીકરણ, રિસ્પોન્સીબલ કેર ® પ્રત્યે પ્રતિબધ્ધતા દર્શાવી અને ગુણવત્તા પ્રબંધન પ્રણાલિઓના અમારા વૈશ્વિક સિદ્ધાંતોની સાથે સુસંગત, અમારા ગ્રાહકોને સંતોષ આપતાં કૃષિ - રસાયણો તથા કૃષિ- મધ્યવર્તી ઉત્પાદનોના ઉત્પાદનમાં ક્યુએચએસઇ વૈશ્વિક અગ્રણી તરીકે માન્યતા પ્રાપ્ત કરવી.

એવું સંસ્થાકીય વાતાવરણ તથા સંસ્કૃતિનું સર્જન કરવું અને જાળવવું, જેમાં અમારા કર્મચારીઓ ઈજા પામ્યા વિના કે વ્યવસાયિક બિમારી ભોગવ્યા વિના કાર્ય કરી શકે અને વ્યાપકપણે સંસ્થાન, સમાજ અને પર્યાવરણ માટે સકારાત્મક યોગદાન આપી શકે.

## અમારાં મૂલ્યો

અમે અમારા વ્યવસાયો પર્યાવરણ પ્રત્યે સન્માન અને કાળજીથી સંચાલિત કરીએ છીએ તથા લોકોના સ્વાસ્થ્ય અને સુરક્ષાને જોખમાવ્યા વિના, ચાહે એ લોકો કર્મચારીઓ હોય કે વિશ્વભરના નાગરિકો હોય.

વધતી જતી કાયદાકીય તથા નિયમનકારી આવશ્યકતાઓ અને ઉપયુક્ત આંતર્રાષ્ટ્રીય માપદંડોની પૂર્તિ કરતા જતાં, અમારી વ્યાવસાયિક પ્રક્રિયાઓને અમે સતત સુધારતા રહીએ છીએ.

અમારા ગ્રાહકોને સફળ બનાવવા તથા અમારા વ્યવસાયમાં મૂલ્યવૃદ્ધિ માટે અમે ઉચ્ચ ગુણવત્તાનાં પ્રોડક્ટ્સ તથા સેવાઓ પ્રસ્તુત કરીએ છીએ. ક્યુએચએસઇ મુદ્દાઓ પર અમે ખુલ્લા તથા પારદર્શક સંવાદ માટે વાતાવરણ પૂરું પાડીએ છીએ.

અમારી કંપની, સમુદાય તથા ગ્રાહકોની આવશ્યક્તાઓ સમજવા અને પરિપૂર્ણ કરવા માટે અમારા કર્મચારીઓમાં આવશ્યક કૌશલ તથા સંલગ્નતા હોય એ જરૂરી હોવાનુ અમે જાણીએ છીએ.

અમારી પરિકલ્પનાને હાંસલ કરવા માટે અમે આવશ્યક સ્રોતો પ્રદાન કરીએ છીએ.

અમે, એલ આઇ એફ ઇ (લીડરશીપ, ઇન્ટિગ્રીટી, ફ્લેક્સિબિલિટી અને એફિસીઅન્સી) નેતૃત્વ, પ્રતિબદ્ધતા, લવચીકતા તથા કાર્યકુશલતા જેવાં અમારાં જીવનમૂલ્યોમાં વિશ્વાસ ધરાવીએ છીએ અને વિશ્વભરમાં અમારી કીર્તિ વધારવા માટે અમે તેનું અમે અમારા દૈનિક કાર્યકલ્પોમાં પાલન કરીએ છીએ. ગ્રાહક લક્ષ્ય, પ્રયોગીકરણ, સહયોગ તથા વિશ્વાસ જેવા અમારા ચાર વ્યવહારો પર ધ્યાન કેન્દ્રિત કરીને અને સબળ બનાવીને અમે આગળ ઉપર અમારી સંસ્કૃતિને સમૃદ્ધ બનાવીશું

## અમારી પતિબદ્ધતા

આ નીતિઓનું અનુસરણ કરવા અમે

- ક્યુએચએસઇ નીતિઓને અમારી વ્યાવસાયિક વ્યુહાત્મકતાઓ અને પ્રક્રિયાઓમાં સંકલિત કરીશું.
- શ્રેષ્ઠ કાર્યપદ્ધતિ, પ્રક્રિયાલક્ષી સંકલિત પ્રબંધન પ્રણાલિ વિકસાવીને, સ્થાપિત કરીને તથા વહેચણી દ્વારા જાળવી રાખી ક્યુએચએસઇ અસરકારકપણે પ્રબંધિત કરીશું.
- વધતી જતી કાયદાકીય તથા નિયમનકારી આવશ્યક્તાઓની પૂર્તિ કરતાં જતાં, પ્રતિબદ્ધતા તથા સુશાસનનાં ઉચ્ચતમ માપદંડો અનુસાર વ્યવહાર કરીશું.
- ઉત્પાદનના સમગ્ર જીવનચક્ર દરમિયાન વ્યવસાયના ક્યુએચએસઇ જોખમોનું આકલન કરી મુલ્યાકત તથા પ્રબંધન કરીશું.
- સતત, ચીરસ્થાયી સુધારણા હાંસલ કરવા માટે, ક્યુએચએસઇ કામગીરીનું મૂલ્યાંકન કરીશું તથા વાર્ષિક તથા લાંબા ગાળા માટેનાં ક્યુએચએસઇ લક્ષ્યો વિકસાવીશું.
- ઑડિટ્સ મારફત આંતરિક તથા બાહ્ય આવશ્યકતાઓ સાથે પૂર્તતાની ચકાસણી કરવા અને આઇએસઓ 9001, આઇએસઓ 14001 અને આઇએસઓ 45001 જેવાં આંતર્રાષ્ટ્રીય માપદંડો સાથે પૂર્તતા માટે પ્રયાસ કરીશું.
- સમુદાય અને પર્યાવરણની સુરક્ષા માટે સાર્વજનિક અને ગ્રાહકોની અપેક્ષાઓ સાથે અમારા વ્યાવસાયને લાઇનદોરીમાં ગોઠવવામાટે ક્યુએચએસઇ મુદ્દાઓ તથા કાર્યો, પ્રક્રિયાઓ અને ઉત્પાદનો પર તેમના પ્રભાવ પર ધ્યાન દઈશું
- અમારા હિસ્સેદારો કે જે રસાયણોતમા ઉત્પાદન, વપરાશ તથા સ્થાનાંતરમા સંમિલીત છે એમને સહાયતા કરીશું.
- ઉત્પાદનો અથવા રસાયણો ના જોખમો અંગેની માહિતી તથા તેને સંબધિત રક્ષણાત્મક પગલા અને પરામર્શ ની ભલામણ સંબધિત હિસ્સેદારોને કરીશું.
- પ્રત્યેક કર્મચારી ને ક્યુએચએસઇ પ્રત્યેની જ્વાબદારી વિશે જાગૃત કરીશું. અને તેમની પ્રતિબદ્ધતાની માંગ કરીશું.
- પ્રતિબદ્ધ અને શિસ્તબદ્ધ સંયોજિત કાર્ય (ટીમ વર્ક) તથા બધા હિતધારકોની વચનબદ્ધતા મારફત કંપનીને દીર્ઘકાલિક પરિણામો આપીશું.

Nenah

**નરેન્દ્ર કે. શાહ**
ડાયરેક્ટર અને સાઇટ મેનેજર

પુનરાવર્તન : 01, વાપી, જુલાઈ-2020